# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-04-2025** **Morning: 7.45 TO 7.55**
**Day :FRIDAY** **National News**

### આકાશવાણી સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશની મુલાકાત લેશે, ત્રણ હજાર 884 કરોડ રૂપિયાનાં વિવિધ વિકાસકામોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે, સરકાર સંપૂર્ણ તાકાતથી ડ્રગ માફિયાઓને ખતમ કરી રહી છે.
- બિહાર અને ઉત્તરપ્રદેશમાં છેલ્લા 24 કલાકમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં કુલ લોકોના મોત થયા 70.
- મુંબઈ આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર હુસૈન રાણાની રાષ્ટ્રીય તપાસ એજન્સી દ્વારા ધરપકડ. 18 દિવસની કસ્ટડીમાં મોકલાયો.
- આઈપીએલમાં દિલ્હી કેપિટલ્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને 6 વિકેટે હરાવ્યું, - આજે ચેન્નાઈ સુપર કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મુકાબલો થશે.

****************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM - UP VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશની મુલાકાત લેશે. તેઓ વારાણસીમાં 3 હજાર 884 કરોડ રૂપિયાથી વધુના 44 પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. આ પ્રોજેક્ટ્સમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વીજળી, શિક્ષણ અને પર્યટનનો સમાવેશ થાય છે તેઓ વારાણસીના મેહદીગંજ ખાતે એક જાહેર સભાને પણ સંબોધિત કરશે.

સાંભળીએ આ અંગે અમારા સંવાદદાતાનો અહેવાલ

**[વોઈસ કાસ્ટ - OM AWASTHI]**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PREZ - SLOVAK VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે અનિશ્ચિતતાઓથી ભરેલી આજના વિશ્વમાં ભારત પ્રગતિનું એક જળહળતું ઉદાહરણ છે. ગઈકાલે બ્રાતિસ્લાવામાં વિદેશ મંત્રાલય દ્વારા આયોજિત સ્લોવાકિયા-ભારત વ્યાપાર મંચમાં બોલતી વખતે તેમણે આ મુજબ જણાવ્યું હતું . તેમણે સ્લોવાકિયાન ઉધ્યોગોને 'મેક ઇન ઇન્ડિયા' કાર્યક્રમમાં ભાગ લેવા આમંત્રણ પણ આપ્યું.

રાષ્ટ્રપતિ મુર્મુએ જણાવ્યું હતું કે સ્લોવાકિયા તેની કાર્યબળની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે વિદેશથી કુશળ અને મહેનતુ વ્યાવસાયિકોની શોધમાં છે. તેમણે ભાર મૂક્યો કે ભારતીય પ્રતિભા સ્લોવાકિયાના આર્થિક વિકાસમાં મૂલ્યવાન યોગદાન આપી શકે છે.

રાષ્ટ્રપતિએ ઐતિહાસિક શહેર નિત્રામાં સ્થિત જગુઆર લેન્ડ રોવર ફેક્ટરીની પણ મુલાકાત લીધી હતી અને કામદારોને પણ મળ્યા હતા

બાદમાં, રાષ્ટ્રપતિ મુર્મુ અને તેમના સ્લોવાકિયન સમકક્ષ પેલેગ્રિનીએ સંયુક્ત રીતે નિત્રાના સિહોટ ખાતે સિટી પાર્કમાં સ્લોવાકિયાના રાષ્ટ્રીય વૃક્ષ, લિન્ડેન વૃક્ષનું વાવેતર કર્યું. બાદમાં, રાષ્ટ્રપતિ મુર્મુએ બ્રાતિસ્લાવામાં ભારતીય સમુદાયને સંબોધન કર્યું હતું . તેમણે કહ્યું કે ભારત એક પ્રેરણાદાયી વિકાસમાંથી પસાર થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે આ વર્ષના અંત સુધીમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SHAH--DRUG

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે સરકાર સંપૂર્ણ તાકાતથી ડ્રગ માફિયાઓને ખતમ કરી રહી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં એજન્સીઓના પ્રયાસોની પ્રશંસા કરતા શ્રી શાહે જણાવ્યું હતું કે ડ્રગ મુક્ત ભારત બનાવવાના વિઝન સાથે, દેશની એજન્સીઓએ ડ્રગ માફિયાઓ વિરુદ્ધ મોટા પાયે કાર્યવાહી શરૂ કરી છે અને 24 કરોડ 32 લાખ રૂપિયાની કિંમતની 30 કિલોથી વધુ મેથામ્ફેટામાઇન ગોળીઓ જપ્ત કરી છે અને આસામમાંથી ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરી છે. તેમણે કહ્યું કે ડ્રગ માફિયાઓ સામે સરકારનું અભિયાન જોરશોરથી ચાલુ રહેશે. ગૃહમંત્રીએ આ મોટી સફળતા માટે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો, આસામ પોલીસ અને સીઆરપીએફને અભિનંદન પાઠવ્યા

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# UP- BIHAR- RAIN DEATHS

બિહાર અને ઉત્તરપ્રદેશમાં છેલ્લા 24 કલાકમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં કુલ 70 લોકોના મોત થયા છે

બિહારમાં ભારે વરસાદ, ભારે પવન અને વીજળીના કડાકાના કારણે 58 વ્યકિતીનાં મૃત્યુ થયાં છે. મોટાભાગના મૃત્યુ નાલંદા જિલ્લામાં થયા છે, જ્યાં વૃક્ષો અને દિવાલો ધરાશાયી થવાથી 22 લોકોએ જીવ ગુમાવ્યા છે. હવામાન વિભાગે આગામી 48 કલાકમાં રાજ્યમાં વધુ વરસાદની ચેતવણી આપી છે. આપત્તિ વ્યવસ્થાપન વિભાગે લોકોને સતર્ક રહેવા અને વરસાદ દરમિયાન બહાર ન નીકળવા જણાવ્યું છે.

મુખ્યમંત્રી નીતિશ કુમારે આ ઘટનાઓમાં લોકોના મોત અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. અને મૃતકોના પરિવારજનોને ચાર લાખ રૂપિયાની સહાય જાહેર કરી છે.

દરમિયાન ઉત્તર પ્રદેશમાં ગઈકાલે વરસાદ સંબંધિત ઘટનાઓમાં પાંચ મહિલાઓ સહિત ઓછામાં ઓછા 22 લોકોના મોત થયા છે. રાહત કમિશનર કાર્યાલયના જણાવ્યા અનુસાર, ૧૩ લોકોના મોત વીજળી પડવાથી થયા હતા જ્યારે બાકીના લોકોના મોત ભારે પવનને કારણે દિવાલ કે છત ધરાશાયી થવાથી થયા હતા.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મૃતકોના પરિવારજનોને 4 લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. તેમણે અધિકારીઓને ખરીદ કેન્દ્રો અને મંડીઓમાં ઘઉંનો સુરક્ષિત સંગ્રહ સુનિશ્ચિત કરવાનો પણ નિર્દેશ આપ્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

**(ગોન્ગ મ્યુઝિક)**

..................................................................

# RANA---EXTRADITION

મુંબઈ આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર હુસૈન રાણાની ગઈકાલે સાંજે નવી દિલ્હી પહોંચ્યા પછી તરત જ રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) દ્વારા ધરપકડ કરવામાં આવી છે. રાણાને લઈ વિશેષ ફ્લાઇટ નવી દિલ્હી પહોંચતા જ NIA તપાસ ટીમે એરપોર્ટ પર તમામ જરૂરી કાનૂની ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા પછી રાણાની ધરપકડ કરી હતી.

રાણાને ગઈકાલે રાત્રે પટિયાલા હાઉસ કોર્ટમાં ખાસ NIA જજ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો જ્યાંથી રાણાને 18 દિવસની કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે

ભારત-અમેરિકા પ્ર8

ત્યાર્પણ સંધિ હેઠળ NIA દ્વારા શરૂ કરાયેલી કાર્યવાહી મુજબ રાણાને અમેરિકામાં ન્યાયિક કસ્ટડીમાં રાખવામાં આવ્યો હતો. રાણાએ પ્રત્યાર્પણ ટાળવા માટે અનેક અરજી અપીલો દાખલ કરી હતી,જેને નકારી કાઢવામાં આવી હતી. ભારતના વિદેશ મંત્રાલય અને ગૃહ મંત્રાલયના અથાક અને સતત પ્રયાસોને પરિણામે તેનું સફળ પ્રત્યાર્પણ શક્ય બન્યું.

દરમિયાન રાણાના પ્રત્યાર્પણ પછી, અમેરિકી વિદેશ વિભાગે વૈશ્વિક આતંકવાદ સામે લડવા માટે ભારત સાથે કામ કરવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે.

અમેરિકી વિદેશ વિભાગેના પ્રવક્તા ટેમી બ્રુસે મીડિયાને જણાવ્યું હતું કે અમેરિકાએ હુમલા માટે જવાબદાર લોકોને જવાબદેહ ઠેરવવાના ભારતના પ્રયાસોને સતત સમર્થન આપ્યું છે. તેમણે કહ્યું કે અમેરિકાએ 2008ના મુંબઈ આતંકવાદી હુમલાનું કાવતરું ઘડવા બદલ રાણાનું ભારત પ્રત્યાર્પણ કર્યું છે. હુમલાઓમાં છ અમેરિકન નાગરિકો સહિત ૧૬૬ લોકો માર્યા ગયા હતા. શ્રી બ્રુસે કહ્યું કે અમેરિકા અને ભારત આતંકવાદના વૈશ્વિક ખતરાનો સામનો કરવા માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# IPL

આઈપીએલમાં ગઇકાલે દિલ્હી કેપિટલ્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને 6 વિકેટે હરાવ્યું.

એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં બેંગલુરુના ૧૬૪ રનના લક્ષ્યાંકના જવાબમાં, દિલ્હી કેપિટલ્સે ૧૭ ઓવર અને પાંચ બોલમાં ૪ વિકેટે ૧૬૯ રન બનાવ્યા. દિલ્હી કેપિટલ્સ માટે, કેએલ રાહુલે સૌથી વધુ અણનમ 93 રન અને ટ્રિસ્ટન સ્ટબ્સે અણનમ 38 રન બનાવ્યા. બેંગ્લોર તરફથી ભુવનેશ્વર કુમારે 2 વિકેટ લીધી.

અગાઉ, બેંગલુરુએ નિર્ધારિત 20 ઓવરમાં સાત વિકેટે 163 રન બનાવ્યા હતા. કે એલ રાહુલને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

આઇપીએલમાં આજે, ચેન્નાઈ સુપર કિંગ્સ અને  કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મુકાબલો  થશે. આ મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BADMINTON-ASIA-C-SHIPS

ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટોની ભારતીય જોડી આજે એશિયન બેડમિન્ટન ચેમ્પિયનશિપની  મિશ્ર ક્વાર્ટર ફાઇનલમાં હોંગકોંગની જોડી સામે રમશે. ગઈકાલે પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં આ ભારતીય જોડીએ ચાઇનીઝ તાઇપેઈની જોડીને હરાવીને અંતિમ આઠમાં સ્થાન મેળવ્યુ છે

દરમિયાન, ગઈકાલે અન્ય તમામ ભારતીય ખેલાડીઓ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ARCHERY WORLD CUP

તિરંદાજીમાં, ધીરજ બોમ્માદેવારા, અતાનુ દાસ અને તરુણદીપ રાયની ભારતીય પુરુષોની રિકર્વ ટીમ અમેરિકાના ફ્લોરિડામાં તિરંદાજી વિશ્વકપના પ્રથમ તબક્કાની ફાઇનલમાં પહોંચ્યા છે. આ ત્રિપુટીએ ગઈ રાત્રે સેમિ ફાઇનલમાં સ્પેનને 6-2થી હરાવ્યું હતું. તેઓ રવિવારે સાંજે ફાઇનલમાં ચીન સામે રમશે.

અગાઉ, ભારતીય ટીમે ક્વાર્ટર ફાઇનલ્સમાં ઇન્ડોનેશિયાને 6-2થી હરાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TRUMP TARIFFS

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે જે વેપારી ભાગીદાર દેશો 9 જુલાઈ સુધીમાં અમેરિકા સાથે કરાર નહીં કરે તેમણે અમેરિકામાં આવતા તેમની ચીજવસ્તુઓ પર મૂળ જાહેર કરાયેલ પારસ્પરિક દરે ટેરિફ ચૂકવવી પડશે.

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપતિ ટ્રમ્પે અગાઉ એવા તમામ વેપારી ભાગીદાર દેશોની આયાત પર 10 ટકા સુધીનો ટેરિફ સ્થગિત કરવાની જાહેરાત કરી હતી, જેમણે અમેરિકન માલ પર જવાબી ટેરિફ લાદ્યો નથી. ભારત સહિત 75 થી વધુ દેશોએ વેપાર સોદા માટે વાટાઘાટો કરવા માટે ટ્રમ્પ વહીવટીતંત્રનો સંપર્ક કરવાનો વિકલ્પ પસંદ કર્યો છે. ભારત અમેરિકા સાથે દ્વિપક્ષીય વેપાર કરાર પર ચર્ચા કરી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .